# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-12-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## વંદે માતરમ ગીતની 150 મી વર્ષગાંઠ પર ચર્ચા:

રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠ પર આવતીકાલે લોકસભામાં વિશેષ ચર્ચા શરૂ થશે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લોકસભામાં ચર્ચા શરૂ કરશે. પત્રકારોને માહિતી આપતા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે સમગ્ર દિવસની ચર્ચા બપોરે 12 વાગ્યે શરૂ થશે. તેમણે ઉમેર્યું હતું કે, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાની અધ્યક્ષતામાં મળેલી સર્વપક્ષીય બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે વંદે માતરમ પર ચર્ચા આવતીકાલે અને ચૂંટણી સુધારા પર ચર્ચા 9 ડિસેમ્બરે કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------------

## SIR-કામગીરી સમય મર્યાદામાં વધારો:

કચ્છ સહીત સમગ્ર રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 11મી ડિસેમ્બર સુધી ચાલશે અને ડ્રાફ્ટ મતદાર યાદી 16 ડિસેમ્બરે પ્રકાશિત થશે. ભુજ ખાતે બીએલઓ તરીકે ફરજ બજાવતા ગીતાબેન મહેતાએ S.I.Rની કામગીરીમાં લોકોના સહકાર અંગે માહિતી આપતા કહ્યુ કે..

(બાઈટ.. ગીતાબેન મહેતા, બી.એલ.ઓ.)

એક જાગૃત નાગરીક તરીકે S.I.Rની કામગીરીમાં બી.એલ.ઓને આપણે સૌએ સહકાર આપવો જોઈએ, સમયસર પોતાના અને પરિવારના ફોર્મ જમા કરાવનાર, ભુજના મતદાર ધીરેન ભાટીએ કહ્યુ કે....

(બાઈટ-ધીરેન ભાટી)

-----------------------------------------------------------------------------------------------

## પત્રકારો માટે આરોગ્ય નિદાન કેમ્પ:

ગુજરાત સરકાર અને ગુજરાત રેડક્રોસના સંયુક્ત ઉપક્રમે આવતીકાલે રેડક્રોસ ભવન, ત્રિ-મંદિરની સામે, એરપોર્ટ રોડ, ભુજ ખાતે અને ૦૯ ડીસેમ્બરના રેડક્રોસ ભવન, ગાયત્રી મંદિર રોડ, ગાંધીધામ ખાતે પત્રકાર આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બંને સ્થળે સવારે ૯.૦૦ થી બપોરના ૨.૦૦ વાગ્યા સુધી હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાશે. ફક્ત પત્રકારો માટે આયોજિત આ કેમ્પનો બહોળો લાભ લેવા નાયબ માહિતી નિયામક ભુજ દ્વારા અનુરોધ કરાયો છે.

---

## લોક અદાલતનું આયોજન:

જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન-કચ્છ દ્વારા આગામી તારીખ  ૧૩ ડીસેમ્બના રોજ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જે વકીલ તથા પક્ષકારોને જિલ્લા ગ્રાહક કમિશનમાં લોક અદાલત મારફતે સમાધાન કરવું હોય તેઓ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન ભુજ-કચ્છની કચેરીના ફોન નંબર ૦૨૮૩૨ ૨૯૬૦૭૩ અથવા ઈમેઈલ: cdrfbhuj@gmail.com પર સંપર્ક કરી શકશે તેમ મદદનીશ નિયામક, જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન ભુજની એક યાદીમાં જણાવાયુ છે.

---

## ટાસ્ક ફોર્સની રચના:

કચ્છમાં ખનીજ ચોરી અટકાવવા માટે કચ્છ કલેક્ટર આનંદ પટેલે જિલ્લા ટાસ્ક ફોર્સની રચના કરી છે. આ ટાસ્ક ફોર્સ ખનીજ ચોરીના સ્થળ પર જ માપણી કરી શકે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. છેલ્લા દસ દિવસમાં ટાસ્ક ફોર્સ દ્વારા 15 જેટલી કાર્યવાહી કરીને 20 વાહનો ડિટેઇન કરવામાં આવ્યા છે. આ વાહનો સામે દંડની કાર્યવાહી માટે આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

ખનીજ ચોરી અંગે નાગરિકો માહિતી આપી શકે તે માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા બે હેલ્પલાઇન નંબર જાહેર કરવામાં આવ્યા છે. જેમાં મો.87 5 89 79 9 66 અને 70 1 63 15 4 55 આ નંબર પર નાગરિકો માહિતી આપી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટાસ્ક ફોર્સમાં ખાણ ખનીજ, રેવન્યુ અને ડીએલઆઈઆરના સર્વેયર સહિતના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

---

## બોરવેલમાં પડેલ યુવકનું અવસાન:

ભુજ નજીક કુકમા ખાતે બોરવેલમાં પડેલા ઝારખંડના 20 વર્ષીય યુવકનું મૃત્યુ થયુ છે. નવ કલાકની સુધી ચાલેલી બચાવની કામગીરી બાદ તેને બહાર કાઢવામાં આવ્યો હતો. ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

ફાયર વિભાગ, સેના તથા સ્થાનિક બોરવેલ ટીમની મદદથી બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

---